## હેલ છલકે

(ફિલ્મઃ હોથલ પદ્મણી)

હેલ છલકે ઈંઢોણી માથે લેવી છે.  હેલ.
એ મારે ભરવા સરવરીયાના નીર રે
ઓલે કાનુડે મને બાણ માર્યાં છે...હેલ.
એ સામે ઉભા સાસુજી મારાં શું રે જુઓ છો.
એ મારે જોવા વહુવારૂઓના ગુણ રે.
ઓલે કાનુડે મને બાણ માર્યાં છે...હેલ.
એ સામે ઉભા સસરાજી મારાં શું રે જુઓ છો,
એ મારે જોવા વહુવારૂઓના ગુણ રે.
ઓલે કાનુડે મને બાણ માર્યાં છે...હેલ.
એ સામે ઉભા પરણ્યાજી મારાં શું રે જુઓ છો,
એ મારે જોવા ગોરાંદે તારાં રૂપ રે
ઓલે કાનુડે મને બાણ માર્યાં છે...હેલ.